# ગોદરેજ સિક્યોરિટીનો હોમ સેફ ક્ષેત્રે 80 ટકાનો માર્કેટ હિસ્સો

**નવગુજરાત સમય** > અમદાવાદ

ગોદરેજ સિક્યોરિટી સોલ્યુશનનો હોમ સેફ સેગમેન્ટમાં રૂ.350 કરોડના માર્કેટમાં 80 ટકા હિસ્સો છે અને રૂ.270 કરોડનું કામકાજ ધરાવે છે. કંપનીએ આ સેગમેન્ટમાં ઈઝી બ્યૂઇંગ એવરિવ્હેર- ઈવ હેઠળ ત્રણ વેરિયન્ટ બજારમાં મૂક્યા છે જે મોબાઈલ ફોન સાથે જોડાયેલી છે. કંપની આરએન્ડડી પાછળ દર વર્ષે રૂ.10 કરોડનો ખર્ચ કરે છે એમ જણાવીને કંપનીના એસો.વાઈસ પ્રેસિડન્ટ અને ગ્લોબલ હેડ મેહેરનોશ પીઠાવાલાનું કહેવું હતું કે, હાલ દેશમાં ત્રણ ટકા લોકો જ આધુનિક સિક્યોરિટી સિસ્ટમ ધરાવે છે. ગોદરેજ સિક્યોરિટી એન્ડ સોલ્યુશનનું વિતેલા વર્ષે રૂ.800 કરોડનું કામકાજ થયું હતું અને ગ્રોથ 10 ટકાના સ્તરે રહ્યો હતો. હાલ હોમ સેફ માર્કેટનો ગ્રોથ 25 ટકાનો રહ્યો હોવાનું તેમનું કહેવું હતું.